# પ્રકરણ – ૧

## ધીરેન્દ્ર મહેતાનો જીવન સંદર્ભ

ગુજરાતી સાહિત્યના સાતમા આઠમા દાયકાના સર્જકોમાં ધીરેન્દ્ર મહેતા આગવુ સ્થાન ધરાવે છે. કાવ્યસર્જન આરંભાયેલી તેમની સર્જન યાત્રાએ તેમની કથા સાહિત્યકાર તરીકેની ઓળખ અપાવી છે. અવિરત વર્તમાન સમય સુધી ચાલી રહી છે. પરંપરા અને પ્રયોગશીલતા બન્ને રાખીને સર્જાતા ગુજરાતી સાહિત્યના સર્જકોમાં ધીરુબહેન પટેલ, જયોતિષ જાની, ઈલાઆરબ મહેતા, રામચંદ્ર પટેલ, વીનેશ અંતાણી, ધીરેન્દ્ર મહેતા. કોઈ પણ સર્જકલક્ષી અભ્યાસમા સર્જકના વ્યક્તિત્વને પોષક અને પ્રેરક બનનાર કૌટુંબિક સંસ્કારો, શૈશવના અનુભવ, વાંચન – અધ્યયન, રુચિતંત્રનું ઘડતર, વ્યક્તિવિશેષોના સંપર્કો, પ્રભાવો, એમના વ્યક્તિત્વની છાપ ઉપસાવવામાં કારણભૂત બનેલા જોઈ શકાય છે. સર્જક જીવનની જાણકારી ભલે અનિવાર્ય ન બની શકે. પરંતુ સર્જકના સમગ્ર સર્જનમાંથી ઉપસતો ચેતનાના ઉંડાણમાં રહેલા જીવનના અનુભવને જાણવા સહાયક બની રહે છે. પ્રસ્તુત પ્રકરણમાં સર્જકના જીવનની ક્રમિક વિગતો આપવાને સ્થાને તેમના સર્જકત્વને પામી શકાય. માટે એમના ઘડતરના પરિબળો સમા પ્રસંગોને અહીં વણી લીધા છે.

કોઈપણ સર્જકના સર્જન કાર્યમાં તેના અંગત અનુભવો કાર્યરત બન્યા હોય છે. ગુજરાતી સાહિત્યમાં રાવજી પટેલના અંગત જીવનને તેમણે સર્જનાત્મક કાર્યમાં વણયું છે.

ધીરેન્દ્ર મહેતાના સાહિત્યસર્જનમાંથી પસાર થતા પહેલા સર્જકના વ્યક્તિત્વના ઘડતરમાં રહેલા, પ્રસંગો અને તેમના અંગત જીવનમાં ડોકિયું કરવું આવશ્યક બની રહે છે. ધીરેન્દ્ર મહેતા વિશે ત્રણ બાબતો આ પ્રમાણે છેઃ

❖ નિજી જીવનમાં તેમણે ખૂબ નાની, લગભગ ત્રણ-ચાર વર્ષની ઉંમરે પોલિયોના કારણે ચાર વર્ષની ઉંમરે પોલિયોના કારણે પગ ગુમાવ્યા હતા. જેની અસહ્ય પીડા અને સ્થિરતાના અનુભવે સર્જકની શૈશવની ધીંગામસ્તીના દિવસોમાં એકાંતની સ્થિરતા આણી.

- ❖ સમય જતા, તેમના શૈશવમાંથી થતા વિકાસ સાથે શારીરિક અસક્ષમતાને દૂર કરતાં પીડાદાયક સર્જરી તેમને સહન કરી કેલિપર્સ અને ક્રચીસની મદદથી જીવનને ટટ્ટાર બની. સર્જન તરફ વળ્યાં. આ સમયે તેમનાં એકાંતને વાંચન અને અનુભવની રૂડી મિરાંત આપી. અને સર્જન તરફ ગતિ કરાવી.
- ❖ આ સિવાય સર્જક ૨૬મી જાન્યુઆરીના કુદરતી આફત સમા ભૂકંપની વિનાશકતાના સાક્ષી બન્યા. તથા અંગત સ્વજનને ગુમાવ્યાની પીડા સહન કરી.

ઉપરની ત્રણેય ઘટનાઓ સર્જકના જીવનના અવિચ્છેદ્ય એવા અંગો બની રહ્યાં છે. જેમાંથી સર્જનબળ તેઓ પામતા રહ્યા. જેના આધારે તેમના જીવન સાથેના સર્જન સંદર્ભને તપાસીએ.

શૈશવકાળમાં પોલિયાના વ્યાધિથી પગ ગુમાવ્યાની પીડાએ કુંટુંબમાં સતત સ્વજનોથી નિકટ રહેવાનું બન્યુ. માતાના સાનિધ્યમાં સુંદર કંઠથી ગવાતા ભજનો, દેશભક્તિ ગીતો, કથાગીતો હાલરડાં બાળ ધીરેન્દ્ર મહેતાનો ઉછેર થયો. પિતા ઝવેરચંદ મેઘાણી અને મુનશીના સાહિત્યને વાંચતાં ઘરમાં હિન્દી વિષયમાં અભ્યાસ કરતા ભાઈ તો બીજી તરફ શાળામાં બાળકો જ્યારે મેદાનમાં રમતા. સરવાળે કહી શકાય કે માતાના વાત્સલ્યમાં રહીને તેમણે જીવનના સંઘર્ષ સામે ટટ્ટાર રહીને ઝઝૂમવાની હિંમત કેળવી લીધી હતી. જે સંવેદન બિદુંમાંથી 'બોર્ડ' કે 'આગામી' જેવી વાર્તા રચાઈ આવી.

## ❖ *<u>સર્જક ઘડતરમાં વ્યક્તિ વિશેષોનો પ્રેરણા પ્રભાવ :-</u>*

તેઓ આ માટે નોંધે છે કે 'આ બંને લેખકોના માનવ સંબંધ નિરૂપણે મને ખેંચેલો. વાર્તા લેખન શરૂ થયું ત્યારે ઘણી વાર્તાઓમાં માતા પિતા અને સંતાનોના સંબંધોનું જુદાં જુદાં દ્રષ્ટિકોણથી સંકુલ આલેખન કરવાનો મારો પ્રયત્ન હતો.'[૧] આમ, વાર્તાસર્જન તરફ તેઓ વળે છે.

ત્યારે, તેમણે બનેલા બનાવને કલ્પનાનો આશ્રય લઈ વાસ્તવિકતાના આભાસી ચિત્રો વાર્તા સ્વરૂપમાં ઢાળે છે. તેમની આગામી ‘બોર્ડ’, ‘અકારણ’ જેવી વાર્તાઓમાં જોઈ શકીએ છીએ.

ધીરેન્દ્ર મહેતાને કોલેજકાળ દરમ્યાન તેમના સાહિત્યિક વ્યક્તિત્વના ઘડતરમાં ઉત્તમ ગઝલકાર અમૃત ઘાયલની છાયામાં કવિ તરીકેના સાથે સતત ગઝલ સ્વરૂપના આંતર બાહ્ય સ્વરૂપની ચર્ચા થતી રહેતી. કવિ મકરંદ દવે સાથે પત્રવ્યવહારથી જોડાયા અને તેમની એક ગઝલના પ્રતિભાવ રૂપે તેમણે કહ્યું. કે ‘અચ્છી ચીજ છે, ‘જનાભ તમારા લોહીમાં તો ગઝલ ઘૂંટાયેલી લાગે છે.... ‘આ પ્રોત્સાહનના શબ્દો એ ગીત અને ગઝલના સ્વરૂપમાં પ્રવેશ કરાવ્યો. આ ઉપરાંત અભ્યાસકાળ અમદાવાદના હોસ્ટેલ જીવનમાં કવિ રાજેન્દ્ર શુક્લ, અનિલ જોશીના સહવાસમાં રહ્યા. અવિરત ચાલતી કાવ્યોની ધીરગંભીર ચર્ચાઓ, પઠન વચ્ચે કવિ તરીકેની છબી ઘડાતી ગઈ. સતત ચર્ચા વચ્ચે કવિતા વંચાતી  લયની ક્ષતિ દૂર થતી રહી.

ધીરેન્દ્ર મહેતા સંશોધનકાર્યમાં નવલકથાનાં ઉપેયલક્ષી અભ્યાસમાં જોડયા. નવલકથાના સ્વરૂપ વિશે વધુને વધુ સ્પષ્ટ થયા. ધીરેન્દ્ર મહેતાના કાવ્યો અને નવલિકાઓથી પરિચિત એવા રઘુવીર ચૌધરીએ નવલકથા લખવાનું સૂચન કર્યું. તેઓ એ પોતાના સમકાલીન અને ચિત્ર વીનેશ અંતાણી સાથે નવલકથા સર્જન તરફ વળ્યાં.

## ❖ *સર્જનપ્રક્રિયા :-*

ધીરેન્દ્ર મહેતાનું કરેલ અને વાંચનપ્રિય વ્યક્તિત્વ તેમના સાહિત્યને તપાસતા સ્પષ્ટ અને સરળ જણાય છે. તેમની જીવનની એકલતા અને એકાંત પ્રેરણાનો સ્ત્રોત બની રહી. તેઓ ટૂંકીવાર્તા અંગેની કેફિયતમાં કહે છે – ‘અરે, કોઈકવાર તો ત્રાસી પડેલી મારી વ્હીલચેર કે ખૂણામાં’ પડેલી ઘોડીઓ કે ઊભા રહેલા કેલિપર્સ જોઉંને મારે છતે મારી ગેરહાજરી અનુભવું ને લખલખું  પસાર થઈ જાય.’[૨]

સંગ્રહાયેલા સ્મરણોના ખજનામાંથી પદ્ય અને ગદ્ય રૂપે તેઓ અભિવ્યક્ત થતા રહ્યા છે. તેઓ સર્જનપ્રક્રિયા વિશે નોંધે છે. ‘સર્જનનો પ્રેરણાસ્રોત તો સંવેદનજન્ય જ હતો.

સંવેદનથી એ ત્રણ ગમે તે સ્વરૂપની હોઈ શકે – કોઈ ઘટના, કોઈ વ્યક્તિ, કોઈ દ્રશ્ય, કોઈ ઉદ્દગાર, અરે કોઈ શબ્દ….., એનો ધક્કો વાગે ….. વાગી જાયને આખો સંદર્ભ બદલાઈ જાય….. કેટલાક શબ્દો એની ધાન્યાત્મક અસરથી એક વાતાવરણ રચી દેતા હોય છે. સર્જનની ક્ષણ 'આગોતરા સંકેત' આપ્યા વિના અંગત પ્રવૃત્તિ છે. સર્જન પ્રક્રિયાની પાયાની વાત એ છે કે 'નિજી અનુભવ વિના કહેવાએલી વાતમાં બળ આવતું નથી, એમ પણ ઉમેરુ કે વાત કઈ રીતે કહેવાની છે એની સુઝ સમજ વિના પણ વાત જામે નહીં.'[૩]

❖ *યુગપ્રભાવ :-*

દરેક સર્જકએ જે – તે યુગનું સંતાન છે. ધીરેન્દ્ર મહેતાના અભ્યાસકાળ ઉમાશંકર જોશી જેવા વિદ્યાગુરુ મળ્યા. એ સમયે 'સંસ્કૃતિ' સામયિકમાં પહેલ વહેલ રચેલી ગીતરચનાને ઉમાશંકર જોશી' હાથમાં પાછા પકડાવતા કહ્યું કે 'તમે હજી તો ઘણું લખશોને અને ત્યારબાદ બે રચના છપાયેલી પણ ખરી'. આમ સર્જકની સર્જનકાર્ય ઉપર તેમના પુરોગામી, સમકાલીન સર્જકોના માર્ગદર્શન હેઠળ સર્જક વ્યક્તિત્વ ઘડાવું. ઉમાશંકર જોશી અને મનુભાઈ પંચોળી 'દર્શક' એવા ગુરુ માન્ય રહ્યાં હતા. જે 'ઉમાશંકર મારા આભલામાં અને દર્શક અને બીજા લેખો' જેવા પુસ્તકો તેના ઉદાહરણ બની રહે છે. 'દર્શક' એવોર્ડ નિમિત્તે વ્યક્તિ વિશેષનો પ્રભાવ તરીકે મનુભાઈ પંચોળી દર્શક જોઈ શકાય : ધીરેન્દ્ર મહેતાના સર્જનકાળ દરમ્યાન પુરોગામી અને સમકાલીન સર્જક તરીકે તેમનું અનુસંધાન રહેલુ છે. સર્જક મનુભાઈ પંચોળીને 'મનુદાદા' સંબોધન કરતા જેમાં અંગત સંબંધની સુવાસ ભળે છે. ધીરેન્દ્ર મહેતાના લેખનને તેઓ વાંચી જતા નોંધ કરાવતા ચર્ચાઓ થતી. સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજી સાહિત્યની ચર્ચા થતી રહી.

તે માટે તેઓ નોંધે છે 'જ્યારે મનુભાઈ ભુજ આવતા ત્યારે 'વસતી કરાવવા' આવવા - જવાનું અને આમ વસતી કરાવતાં – કરાવતાં મારી ઝોળી કેટકેટલી ભરાઈ! દેશ – વિદેશની વારતાઓ અને સાહિત્યકારની વાતો, ઈતિહાસ કથાઓ, સમકાલીન ઘટનાઓ અને તેનાં પરની નુકતેચીની–'[૪] ધીરેન્દ્ર મહેતાનો નવલકથાના સર્જક તરીકે આગવી પ્રતિભા બનાવી શક્યા.

આ ઉપરાંત સર્જકની સર્જનપ્રક્રિયા વિષયક નોંધ કંઈક આ પ્રમાણે છે આમ, સર્જકે સ્વયં પોતાના અંગત અનુભવને સર્જનકાર્યમાં અંગત જીવનની ઘટનાઓ પ્રસંગો મળી આવે છે. જેમ કે, તેમના કથાસાહિત્યમાં 'ચિહ્ન', 'દિશાન્તર', 'છાવણી' જેવી નવલકથામાં સ્થળ, કાળ, પરિવેશ રૂપે કે સમ્મુખ, આગામી, બોર્ડ જેવી વાર્તાઓમાં જોઈ શકાશે. જે અગાઉના પ્રકરણોમાં તેનું અનુસંધાન જોવા મળે છે.

સામગ્રી તરીકે ઉપયોગ કર્યો છે. તેમના સર્જનકાર્યમાં અંગત જીવનની ઘટનાઓ પ્રસંગો મળી આવે છે. તે અગાઉના પ્રકરણોમાં તેનું અનુસંધાન આપણે જોઈ શકીશું.

દરેક સર્જક યુગપ્રભાવ ઝીલે છે. ગુજરાતી સાહિત્યના ઈતિહાસ તરફ નજર દોડાવીએ ત્યારે ૧૯૫૦ આસપાસનો સમય આધુનિક યુગ નામાભિધાન પામ્યો. આ યુગના પ્રણેતા સુરેશ જોષી રહ્યા. ધીરેન્દ્ર મહેતાનો અભ્યાસનો સમય ગાંધીયુગ આસપાસનો જોઈ શકાય છે. અને તેઓ જ્યારે સાહિત્ય સર્જન તરફ વળે છે. ત્યારે આધુનિક સમય સર્જકમાં પરંપરાગત સાહિત્ય સર્જનની રીતિ વિરોધ અને નાવીન્યતા તરફની ગતિનો હતો. આ આધુનિક ભયનો સાહિત્ય સર્જનનો પ્રવાહ કળાકીય આંદોલનો દ્વારા પ્રવાહીત હતો એ સમયના સર્જકો સુરેશજોષી, કિશોર જાદવ, શ્રીકાન્ત શાહ, લાભશંકર ઠાકર હતા. ધીમે ધીમે આ આધુનિકતામા રહેલ મનુષ્યનું વૈયક્તિક સંવેદન બદલાયું અને અનુ આધુનિક્તા કે 'આધુનિકોત્તર સાહિત્યનો સમયગાળો જોવા મળ્યો. એટલે કે સાતમા – આઠમા દાયકામાં આધુનિકતાનો પ્રવાહ ઓસરતો જોવા મળ્યો. અને આધુનિકોત્તર સાહિત્ય સર્જાયું જેમા, પ્રાદેશિક્તા, દલિત કેન્દ્રી, અને નારી કેન્દ્રી સાહિત્ય સર્જાવા લાવ્યું. આ બન્ને વચ્ચેના સમયગાળાના પરિવર્તનના સમયમાં પરંપરાગત સાહિત્યથી દૂર અને આધુનિક્તાના પ્રવાહમાં ગતિમાન થયા વિના અમુક સર્જકો અભિવ્યક્ત થયા. જેમા ભગવતીકુમાર શર્મા, ધીરેન્દ્ર મહેતા, વીનેશ અંતાણી જેમણે સાહિત્યમાં થતી અભિવ્યક્તિની રીતિને કોઈ વાડામાં બાધ્યા વિના આધુનિકતા અને આધુનિકોત્તર સાહિત્યના વચ્ચે સ્વની મથામણથી કંઈક સર્જન કરવાનું સાહસ ખેડ્યું. તેમના સાહિત્યમાં પરંપરાગત સાહિત્ય સાથેનો વિચ્છેદ નથી. તે આધુનિક બનવાની ઘેલછા દ્રશ્યમાન થતી નથી. આમ, બે પ્રવાહ વચ્ચે ધીરેન્દ્ર મહેતા જેવા સર્જકનું સાહિત્ય પ્રવાહમાન રહ્યું.

સર્જન પ્રક્રિયાની પાયની વાત એ છે કે 'નિજી અનુભવ વિના કહેવાયેલી વાતમાં બળ આવતું નથી, એમ પણ ઉમેરુ કે વાત કઈ રીતે કહેવાની છે એની સુઝ સમજ વિના પણ વાત જામે નહી.'

આમ સતત વાંચનપ્રિય પ્રવૃતિમાં પ્રવૃત એવા સર્જકને પ્રેરણા તેમની સ્વયંની આત્મસૂઝ બની રહે છે. જીવનના નિરીક્ષણો વચ્ચેથી વાતને ઉપાડીને પોતાની દ્રષ્ટિથી સ્વથી લઈને સર્વાનુભવ થાય તે રીતે અભિવ્યક્ત થઈ જવાની કળાકીય વિશિષ્ટતા ધીરેન્દ્ર મહેતામાં રહેલી છે.

આમ આરંભમાં આપણા મનમાં ઉદભવેલા સર્જક વ્યક્તિત્વના પશ્નોનો અહી હલ થાય છે અને તેમનું જીવન અને સર્જન એક સિક્કાની બે બાજુની જેમ જોડાયેલું રહ્યું છે. તેમની સર્જનપ્રક્રિયા વિશેની વાતો અને કેફિયતો દ્વારા સર્જક વ્યક્તિત્વ તરીકે પામવામાં એમની વિશેષતાઓ ઉપકારક નીવડે છે.

❖ *પાદનોંધ :*

૧. બાતમી, ધીરેન્દ્ર મહેતા, પૃ. ૬૮

૨. શબ્દસૃષ્ટિ, ૨૦૦૯, પૃ. ૯૦

૩. શબ્દસૃષ્ટિ, ૨૦૦૯, પૃ. ૯૦

૪. પરબ, ૨૦૦૩, પૃ. ૨૪